ખેડબ્રહ્મામાં શ્રદ્ધા-શક્તિ અને ભક્તિનો ત્રિવેણી સંગમ

મા અંબાનો ચાચર ચોક શ્રદ્ધાળુઓથી ખીચોખીચ ભરાયો

ખેડબ્રહ્મા, તા. ૧૯

ભાદરવી પૂનમે ખેડવાળી મા અંબા પ્રત્યે અસિમ શ્રદ્ધા ધરાવતા નાના-મોટા સૌ માઈભકતો ભક્તિભાવથી મેળો માણવા તથા મા ભગવીનાં દર્શન કરવા આવી પહોંચ્યા હતા. ભાદરવી પૂનમ નિમિત્તે ખેડબ્રહ્મામાં શ્રદ્ધા શક્તિ અને ભક્તિનો ત્રિવેણી સંગમ થતો હતો. ખેડબ્રહ્મા ખાતે આવેલા મા અંબાના ચાચર ચોકમાં ગુરૂવારે વહેલી સવારથી જ ભક્તો કતાર બદ્ધ દર્શન કરવા ઉભા થઈ ગયા હતા. દૂરદૂરથી આવેલા શ્રદ્ધાળુઓએ મા અંબાના ચરણોમાં મસ્તક નમાવી ધન્યતા અનુભવી હતી.

ભાદરવી પૂનમે ખેડબ્રહ્મામાં મા અંબાના દર્શન કરવા આવતા પદયાત્રીઓમાં ખાસો વધારો જોવા મળતો હતો. ખેડબ્રહ્મા આજુબાજુના વિસ્તારના રસ્તાઓ ઉપર બુધવારની સાંજથી ગુરૂવારે સવાર સુધી નાના બાળકો-નવજવાનીયા તથા આધેડ ઉંમરની સંખ્યા નજરે પડતી હતી. ખેડબ્રહ્મા તાલુકાના આગીયા-મટોડા-ઉંચીધનાલ-લક્ષ્મીપુરા-ગલોડીયા તથા વડાલી તાલુકાના ગોતા-નાદરી-વાઠોડ-દેલવાડા સહીતના ગામોના પદયાત્રીઓમાં મહીલાઓ પદયાત્રીઓનો ભાદરવી પૂનમે ખાસો વધારો થયાનું જાણવા મળ્યું છે. આરીધના સિનેમાથી માતાજી મંદિર સુધીનો રસ્તો નાની મોટી હાટડીઓના કારણે ખરીદી કરનારની મોટી સંખ્યા ઉમટી પડી હતી.

દર્શન કરવા આવેલા અનેક શ્રદ્ધાળુઓ મા અંબાને ચુંદડી-ધજા-શ્રીફળ અને પ્રસાદ ચડાવી-માનતા પુરી કરી ધન્યતા અનુભવી હતી. મોટા અંબાજીની જેમ ખેડબ્રહ્મા મંદિરમાં બિરાજેલ મા ખેડવાળી પ્રત્યે પણ અનેક શ્રદ્ધાળુઓ શ્રદ્ધા રાખી માનતા પુરી કરવા પગપાળા વાહન દ્વારા અચુક આવે છે. ભાદરવી પૂનમ નિમિત્તે અમદાવાદ-વિસનગર વિજાપુર અન્ય શહેરના સંઘોમાં પણ વધારો થયાનું જણાતુ હતુ.

ભાદરવી પૂનમના મેળામાં અંબિકા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા દર્શનાર્થીઓ માટે માતાજીના દર્શન માટે પ્રશંસનીય વ્યવસ્થા ગોઠવી હતી. ભાદરવી પૂનમે આવતાં મોટાં વાહનોને આ વર્ષ બસ સ્ટેન્ડથી અંદર જવા માટે પોલીસ દ્વારા પ્રતિબંધ મુકતા યાત્રાળુઓ અને દર્શનાર્થીઓની સગવડમાં વધારો થતાં રાહત થઈ હતી. પી.એસ.આઈ. ડી.ડી. ચાવડાએ પોલીસ બંદોબસ્ત ચુસ્ત ગોઠવ્યો

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

કાલુપુર સ્વામિનારાયણ મંદિરના ગાદીધિપતીના જન્મદિનને અનુલક્ષી વિવિધ કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

અમદાવાદના કાલુપુર સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના ગાદીધિપતી આચાર્યશ્રી કોશલેન્દ્ર પ્રસાદીનો ૪૧મો જન્મોત્સવ આગામી વિજયાદશમી તા. ૧ ઉમી ઓકટોબર ૨૦૧ ઉના રોજ આવી રહ્યો છે.

આ જન્મોત્સવની ઉજવણી ધામધુમપૂર્વક ગાંધીનગર મુકામે થશે. આજ જન્મોત્સવના ઉપલક્ષમાં વિવિધ ધાર્મિક તેમજ સામાજિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. જે પ્રવૃત્તિઓ સંતો મહંતો અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા ચાલી રહી છે. આ ધાર્મિક પ્રવૃત્તિઓમાં મહામંત્ર લેખન, જનમંગલ નામાવલીના પાઠ, અખંડધૂન, ૪૧ ગામડે સત્સંગ સભાઓ, પુજાપેટી વિતરણ, વચનામૃત પાઠ, મહાપુજા, પદયાત્રા જેવી પ્રવૃત્તિઓ તથા સામાજીક પ્રવૃત્તિઓ, ૪૧ નિઃશુલ્ક મેડીકલ કેમ્પ, ૪૧૦૦૦ વૃક્ષારોપણ માવજત, ૧૪૧ યુવાનોને વ્યસન મુકિત, ૪૧ વિકલાંગોને ટ્રાઈસિકલ અર્પણ, ૪૧૦૦ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનોનું વિતરણ, ૪૧૦૦ અનાથ બાળકોને ભોજન, ૧૪૧ બ્લડ ડોનેશન, ૪૧ ગ્રામ સફાઈ આદિક પ્રવૃત્તિઓ મહદ અંશે પૂર્ણતાને આરે છે. આગામી તા. ૨૨મી સપ્ટેમ્બર ૨૦૧૩ને રવિવારના રોજ માણસા મુકામે ૪૧ ગામ કડવા પાટીદાર સમાજની વાડીમાં સવારે ૧૦ કલાકે પુજય તેજેન્દ્રપ્રસાદજી મહારાજની ઉપસ્થિતિમાં સમાજ સેવાના આ કાર્યોની અર્પણ વિધિ યોજાશે.

ગાંધીનગર સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા પ્રવાસનું આયોજન

ગાંધીનગર સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આગામી તા. ૧૬મી ઓકટોબર ૨૦૧૩ને બુધવારે ધાર્મિક પ્રવાસનું આયોજન કર્યું છે. પાવાગઢ, ગલતેશ્વર, ડાકોર, ઉર્ત્કંઠેશ્વર મહાદેવ જેવા સ્થળો નક્કી કરવામાં આવ્યા છે. આ ધાર્મિક પ્રવાસમાં ભાગ લેવા ઈચ્છતા બ્રહ્મબંધુઓએ તા. ૩૦મી સપ્ટેમ્બર-૧૩ સુધીમાં ધનંજય યાજ્ઞિકના મો.નં. ૯૯૨૪૨ ૨૮૬૨૯અથવા સમાજના કાર્યાલયના ટે.નં. ૨૩૨૩૫૯૩૯ પર પોતાના નામ નોંધાવવાના રહેશે તેમ સંસ્થાના પ્રમુખે જણાવ્યું છે.

અંબાજી પગપાળા યાત્રાળુઓની સેવા - સુશ્રુષા કરવા લાયન્સ કલબ ઓફ પાલનપુર છેલ્લા ૨૪ વર્ષથી દાંતા ખાતે સરભવાનીસિંહ હાઈસ્કૂલ ખાતે મેગા સેવા કેમ્પ કરે છે. ચાલુ વર્ષે પ્રમુખ અશોકભાઈ પટેલ અને સેક્રેટરી કદમભાઈ વી. લાટીવાલાની સાથે સમગ્ર ટીમે સિનિયર - જુનિયર અને સ્વયંસેવકોએ સળંગ પાંચ દિવસ રહેવા - જમવા, મેડીકલ, ગરમ પાણી, ચા-નાસ્તાનો કેમ્પ કરી અંદાજે ૫ લાખથી વધુ લોકોએ આનો લાભ લીધો હતો. ત્યારે લાયન્સ ડીસ્ટ્રીકટ ૩૨૩-બીના ગર્વનર વિનોદભાઈ પટેલ તેમના પત્નીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રકાશભાઈ અગ્રવાલ, અશોક પટેલ, કદમ લાટીવાલા અને હોટલ ગ્રાન્ડ ભગવતી, અમદાવાદવાળા નરેન્દ્રભાઈ સોમાણી તરફથી ૨૪ કલાક તાજું જમવાનું (પ્રસાદ) અપાતા તેમનું સન્માન કરાયું હતું. (તસવીર : હરેશ જોષી)

હિંમતનગરમાં ફટાકડાના ગોડાઉન પર દરોડો લાખો રૂપિયાનો બિન અધિકૃત જથ્થો પકડાયો

પરવાનાવાળી જગ્યા સિવાય અન્ય જગ્યાએ જથ્થાનો સંગ્રહ કર્યો હતો : ફટાકડાના ૪૫૨ મોટા બોક્ષમાં ભરેલો જથ્થો સીઝ કરાયો

હિંમતનગર, તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરમાં ફટાકડાનો બેનંબરી વેપલો થતો હોવાની ગૃહવિભાગ અને જિલ્લા કલેકટર બંછાનિધિ પાની સમક્ષ થયેલ રજુઆતને લઈ કલેકટરની રાહબરી અને માર્ગદર્શન હેઠળ હિમતનગર પ્રાંત અધિકારી રીકેશ પટેલ અને મામલતદાર પથિક પટેલની ટીમે ફટાકડાના ગોડાઉન ઉપર છાપો મારી બિનઅધિકૃત રીતે સંગ્રહ કરેલ ફટાકડાનો જથ્થો સીઝ કરી તપાસ હાથ ધરી છે.

દિવાળીના દિવસો નજીક આવી રહ્યા છે ત્યારે ફટાકડાના વેપારીઓ બિનઅધિકૃત રીતે ફટાકડાનું વેચાણ અને સંગ્રહ કરતા હોવાની તેમજ રહેઠાણના વિસ્તારમાં ફટાકડાનો ગોડાઉન હોવાની રજુઆત ગૃહ વિભાગ સમક્ષ થતાં કલેકટર બંછાનિધિ પાનીએ ફટાકડાના ગોડાઉન તપાસવા પ્રાંત અધિકારી રીકેશ પટેલને સુચના આપતાં પ્રાંત અધિકારીની રાહબરીમાં મામલતદાર પથીક પટેલ, નાયબ મામલતદાર દેવેશ પટેલ સહિતની ટીમે પોલીસ કાફલા સાથે હિંમતનગરની બળેલી મીલમાં આવેલ દુકાન નં. ૨ના પરવાનેદાર પુરસવાની રામચંદ્ર જશવંતરાયના ત્યાં તપાસ હાથ ધરતાં ગંભીર ક્ષતિઓ જણાઈ આવી હતી. પરવાનેદારને દુકાન નં. ૨માં જથ્થો રાખવાનો પરવાનો આપ્યો હતો છતાં પરવાનેદારે દુકાન નં. ૨ અને દુકાનની બાજુમાં આવેલ રાજુભાઈ પુંજાભાઈ પંચાલના મકાનમાં અને તેમની દુકાનમાં બિનઅધિકૃત રીતે ફટાકડાનો સંગ્રહ કર્યા હોવાનું જણાઈ આવ્યું હતું તે ઉપરાંત પરવાનેદારે સ્ટોક પત્રક પણ નિભાવ્યું ન હતું તેમજ ખરીદીના બિલો પણ રજુ કર્યા ન હતા. આમ પરવાનેદારે પરવાનાના નીતિ નિયમોનું ઉલ્લંઘન કરતા બિનઅધિકૃત જગ્યાએ સંગ્રહ કરેલ ૪૫૨ બોક્ષ જથ્થો સીઝ કરી મામલતદાર પટેલે પરવાનેદાર સામે વધુ કાર્યવાહી કરવા કલેકટર બંછાનિધિ પાની સમક્ષ રીપોર્ટ મોકલી આપ્યો છે. શહેરમાં એક ફટાકડાના પરવાનેદારના ત્યાં છાપો મારી તેની વિરુધ્ધ કાર્યવાહી હાથ ધરાતાં સાબરકાંઠા જિલ્લામાં ફટાકડાનો બિનઅધિકૃત રીતે વેપલો કરતાં વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

(તસવીર : મગનજી વણઝારા)

જાયન્ટસ ગ્રૂપ દ્વારા જંત્રાલમાં નેત્ર ચિકિત્સા અને ડાયાબિટીશ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૯

શહેરની જાયન્ટસ ગ્રૂપ દ્વારા જંત્રાલ ગામે તા. ૨૨મી સપ્ટેમ્બર રવિવારે સવારે ૯ વાગ્યાથી બપોરે ૨.૩૦ વાગ્યા સુધી નેત્ર ચિકિત્સા અને ડાયાબિટીશ તપાસ કેમ્પનું આયોજન કરેલ છે. અમદાવાદની સિવીલ હોસ્પિટલમાં આવેલ આંખની હોસ્પિટલના ડોકટર્સ સેવા આપશે.

નેત્ર ચિકિત્સા કેમ્પ દરમિયાન આંખના ચશ્માના નંબર, મોતિયા, ઝાંમર વગેરેની નિઃશુલ્ક તપાસ કરવામાં આવશે તેમજ માત્ર ૨૦ રૂપિયાના ટોકન દરે ચશ્માનું વિતરણ કરવામાં આવશે. આ માટે અમેરિકા સ્થિત શ્રીમતી શાન્તાબેન જીવણલાલ પરસોત્તમદાસ પટેલ સદ્‌ભાવ ટ્રસ્ટ મારફતે સહયોગ પૂરો પાડેલ છે. આ ઉપરાંત જંત્રાલ ગામના વૃધ્ધ અને અશકત હોય તેવી વ્યકિતઓને બીપી તથા લોહીમાં ડાયાબીટીશના પ્રમાણનું પણ આધુનિક મશીનરી દ્વારા પરિક્ષણ કરી આપવામાં આવશે.

આ કેમ્પની સફળતા અને વધુમાં વધુ લાભાર્થીઓ લાભ લઈ શકે તે માટે જાયન્ટસ ઈન્ટરનેશનલ ફેડરેશન ઉસી યુનિટના ડાયરેકટર સાંકાભાઈ પટેલે ઘરે ઘરે પત્રિકાઓ વહેંચી પ્રયત્નો કરેલ છે. જંત્રાલ ગામના ઉમિયા માતાના મંદિરના પટાંગણમાં આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે તેનો મહત્તમ લાભ લેવા ગામના સરપંચ તેમજ અન્ય આગેવાનોએ ગ્રામવાસીઓને અપીલ કરી છે.

અરવલ્લી જિલ્લાના પવિત્ર યાત્રાધામ ઈટાડી (અંબાજી) ખાતે હજારો માઈ ભક્તો ઉમટ્યા

ધનસુરા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના પવિત્ર યાત્રાધામ ઈટાડી (અંબાજી) ખાતે આજરોજ ભાદરવી પૂનમ નિમિત્તે હજારો શ્રદ્ધાળુઓ વહેલી સવારથી જ ઉમટી પડ્યા હતા. ઈટાડીમાં મા અંબાની સ્વયંભૂ પ્રગટ મૂર્તિ સ્થાપિત છે. ઈટાડી શક્તિપીઠ ખાતે મા ના ચરમ પખાલવા માટે હજારોની જનમેદની વરસોવરસ ઉમટી પડે છે. અને આ સ્વયંભૂ પ્રગટ મા ની પાસે પોતાની મનોકામના પૂર્ણ કરવા માટે પ્રાર્થના કરે છે.

ઘણા બધા માંઈ ભક્તોના દુઃખ માતાજીએ દૂર કર્યા હોવાના અસંખ્ય દાખલા છે. કેટલાય માંઈ ભક્તોના વાંઝિયામેણુ માની કૃપાથી દૂર થયેલું છે. આજુબાજુના વિસ્તારો તેમજ મોડાસા, ધનસુરા અને બાયડ તાલુકામાંથી અસંખ્ય માઈભક્તો ચાલતા તેમજ રથ લઈને ધ્વજારોહણ માટે આવે છે. આ મંદિરના નવનિર્માણ માટે અંબાજી ટ્રસ્ટ તરફથી પણ ૧૦ લાખ રૂપિયાની મદદ કરવામાં આવી હતી. પદયાત્રીઓ માટે ઠેર ઠેર વિસામાની વ્યવસ્થા કરવામાં આવી છે. ટ્રસ્ટ તરફથી સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. ઈટાડીમાં માંઈમંડળ તરફથી સુંદર માંડવીનું ચોકમાં નવનિર્માણનું કામ ચાલી રહ્યું છે.

એપ્લીકેશન લોન્ચ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થતું રહેશે એટલું જ નહી, ફોરેન્સીક સાયન્સ સાથે તેનો સેતુ બાંધ્યો છે તેથી આધુનિક અને વૈજ્ઞાનિક ઢબથી ગૂનાની તપાસ અને ગૂના શોધવાની કાર્યવાહી પરિણામલક્ષી બનશે. રીઢા ગૂનેગારોની ડેટાબેન્ક ઉપલબ્ધ થશે.

હકિકતમાં તો એકે-૪૭ના શસ્ત્ર કરતાં પણ ઈગુજકોપ જેવું ટેકનોલોજીનું શાસ્ત્ર વિકસાવીને પોલીસદળે તેને વધુ સશકત અને સુસજ્જ બનાવ્યું છે એમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. પ્રારંભમાં ગૃહવિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. એસ.કે. નંદાએ સ્વાગત પ્રવચનમાં ઈ-ગુજકોપ પ્રોજેક્ટ માટે મુખ્યમંત્રીશ્રીએ આપેલા પ્રેરક માર્ગદર્શનની રૂપરેખા આપી હતી. પોલીસ મહાનિરીક્ષકશ્રી મનોજ અગ્રવાલે ઈગુજકોપની વિશેષતાઓનું નિદર્શન કર્યું હતું. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીભાઈ પટેલ સહિત ગૃહ વિભાગના અને પોલીસદળના વરિષ્ઠ પદાધિકારીઓ ઉપસ્થિત હતા.

બેંકો માનસિકતા બદલે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારપૂર્વક હિમાયત કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે ભારતમાં ખેતપેદાશોના સંચય-સંગ્રહ માટે વેરહાઉસીંગ, માલ ગોડાઉન અને કોલ્ડ સ્ટોરેજ ચેઈનના માળખાકીય વિકાસને પણ બેન્કીંગ સેવાના પ્રાયોરિટી સેક્ટરમાં કેમ આવરી ના લેવાય ? એનાથી સરવાળે ભારતના અર્થતંત્રને જ તાકાત મળશે.

આધુનિક ખેતીમાં ખેતપેદાશોના મૂલ્યવર્ધિત બજારો અને નિકાસની વિશાળ સંભાવનાને ધ્યાનમાં લઈને મુખ્યમંત્રીશ્રીએ એગ્રો પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ અને વેલ્યુએડેડ ઓર્ગેનિક ફાર્મિંગને બેન્કીંગ સેવાઓમાં પ્રાધાન્ય આપવા સૂચવ્યું હતું.

ગુજરાતમાં રાષ્ટ્રીયકૃત બેન્કોનો ક્રેડિટ-ડિપોઝીટ રેશિયો અન્ય રાજ્યોની સરખામણીમાં ઘણો નીચો છે તેના જે કારણો બેન્કો આપે છે તે સ્વીકાર્ય બને એવા નથી એમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ અન્ય રાજ્યો સો ટકાથી ઉંચો (સીડીઆર) ધરાવે છે, જ્યારે ગુજરાતમાં ૭૫ ટકા સીડીઆર છે તેના કારણમાં બેન્કો એવું જણાવે છે કે મુંબઈમાં રજિસ્ટર થયેલા ઉદ્યોગો અને કંપનીઓના બચત-ધિરાણની આમાં ગણતરી થતી નથી. આ દલીલ સ્વીકારીએ તો એ બાબત વધારે ગંભીર પ્રશ્નાર્થ ખડા કરે છે કે શું ગુજરાતની બેન્કો બાકીના ૨૫ ટકા ક્રેડિટ-ડિપોઝીટ રેશિયો માટે મુંબઈની ગણીગાંઠી કંપનીઓને માટે સેવારત બની રહી છે?

આ સંદર્ભમાં, મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં બેન્કોના ક્રેડિટ-ડિપોઝીટ રેશિયાની પરિભાષા અને માનસિકતા બદલવા અપીલ કરી હતી અને જણાવ્યું કે ઉદ્યોગો-કોર્પોરેટ સેક્ટરને જેટલી ઝડપથી અને સરળતાથી બેન્કીંગ સેવાઓનો લાભ મળે છે તેવી તત્પરતાથી માનવીય અભિગમ રાકીને સામાન્ય માનવીને અને લક્ષિત લાભાર્થીઓને મળે તેવું વિશ્વસનીય વાતાવરણ ઉભું કરવું જોઈએ.

નાણાંમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે ગુજરાતના સર્વાંગી વિકાસમાં મુખ્યમંત્રીશ્રીના શાસન દરમિયાન જે નવા ક્ષેત્રો પ્રગતિની હરણફાળ ભરી રહ્યા છે તેમાં બેન્કોની સાર્થક ભૂમિકા નિભાવવા ઉપર ભાર મૂક્યો હતો. સરકારની અનેકવિધ ગરીબલક્ષી યોજનાઓમાં ગેરન્ટી છે ત્યારે બેન્કોનું દાયિત્વ વ્યાપકસ્તરે ઉભું થવું જોઈએ.

ગંદકીના મામલે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આશ્વાસન આપવામાં આવેલ કે આવતા માસના અંત સુધીમાં આ પ્રોજેક્ટ કાર્યરત થઈ જશે. હજુ સુધી કોઈ પ્રોજેક્ટ અમલ થયેલ નથી, તો આ બાબતે વિગતવાર માહિતી તા. ૨૦-૯-૨૦૧૩ની સામાન્ય સભામાં રજુ કરો.

પાંચ કરોડથી વધુ નાણાં ખર્ચા કર્યા પછી પણ ૧ વર્ષ અને ૩ માસનો સમય પસાર થયો હોવા છતાં, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અમલીકરણ પ્રોજેક્ટ સીસ્ટમ ઉભી કરી અમલમાં મુકી શકતા નથી. સફાઈની સીસ્ટમ ફેઈલ છે અને મોનીટરીંગનો અભાવ છે. તે દુઃખની બાબત છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના નામ સાથે જોડાયેલું ગાંધીનગર પાટનગરમાં ગાંધીજીના આદેશોનું ધ્વંશ થઈ રહેલ છે. ઠેર-ઠેર કચરાના ઢગલા થઈ રહ્યા છે અને તેનું નિરાકરણ થઈ શકતું નથી. તો આ બાબતે કેટલા સમયમાં અમલમાં આવશે અને સફાઈ કરાવી શહેરને સ્વચ્છ અને સુંદર રાખી પ્રજાજનોને ગંદકી અને રોગચાળામાંથી મુક્તિ અપાવશો.

આ સફાઈ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ બાબતે તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી થઈ રહી ન હોવાનું જણાઈ રહ્યું છે અને નગરજનોના ટેક્ષના નાણાંનો યોગ્ય જગ્યાએ સમયસર ઉપયોગ થતો ન હોય તેવું કહેવું ખોટુ નથી. અને આ બાબતે ૨૦૧૩-૧૪ ના બજેટમાં પણ વધારાની જોગવાઈઓ પણ કરેલ છે.

લેન્ડફીલ સાઈટ વૈજ્ઞાનિક રીતે ડેવલોપ ન કરવાના કારણે કચરો જાહેરમાં સળગાવી કાર્બન મોનોકસાઈડ અને કાર્બન ડાયોકસાઈડ હવામાં ઉત્પન્ન કરી હવામાં રહેલા ઓઝોનના પડને નુકશાન થઈ રહ્યું છે. એક બાજુ એન.જી.ઓ. દ્વારા ઓઝોન-ડેની ઉજવણી કરી રહ્યું છે અને બીજી બાજુ કોર્પોરેશન દ્વારા જાહેરમાં ઘન કચરો સળગાવી, ઓઝોનના પડને નુકશાન કરી રહેલ છે.

ઓઝોનના પડમાં ગાબડાં પડે તે આપણા માટે તથા સમગ્ર જીવસૃષ્ટિ માટે હાનિકર્તા છે. હવાને શુદ્ધ કરવામાં તથા ઓઝોન પૃથ્વીનનો રક્ષક વાયુ છે.

શહેરમાં ઉત્પન્ન થતા તમામ પ્રકારના ઘન કચરાને જી.ઈ.બી.ના કોતરોમાં સળગાવી રહ્યા છે, તે તાત્કાલિક બંધ કરાવવા યોગ્ય કાર્યવાહી કરી ઉત્પન્ન થતા તમામ કચરાને ડોર ટુ ડોર કલેક્શન સિસ્ટમ દ્વારા એકત્રિકરણ કરી પરિવહન કરી વૈજ્ઞાનિક પદ્ધતિસર એમઓઈફની ગાઈડ લાઈન મુજબ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના અમલીકરણ બાબતે શું કર્યું ? અને કેમ વિલંબ થયો ? લેન્ડફીલસાઈટ કેટલા સમયમાં શરૂ કરશો તેની વિગતવાર માહિતી આપશો.

ગાંધીનગરનું ગૌરવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

'સગાળચરિત્ર' અને 'ચતુર ચાલીસી'ન્ય એમણે સંપાદન કર્યુ છે. જૈન ધર્મના 'ભક્તભરસ્તોત્ર' અને સંસ્કૃતમાં 'શિવમહિમ્ન સ્ત્રોત્ર'નો ગુજરાતી સમરલોકી અનુવાદ પણ પ્રકાશિત થયો છે.

અનુવાદ એટલે એક ભાષામાંથી બીજા ભાષામાં કેવળ ભાષાન્તર જ નહીં, કવિતાનો અનુવાદ એ જ છન્દમાં અનુવાદ એક પ્રકારની પ્રતિનિર્માણની - અનુસર્જનની પ્રવૃત્તિ છે એમ તેઓ માને છે. રામાયણ જેવી મહાન કવિતાના શબ્દે શબ્દ, એના ભાવ વિશ્વનું વાતાવરણનું ગૌરવ જળવાય એ રીતે રામાકાવ્યને ગુજરાતીમાં ઉતારવાનો મહેન્દ્રભાઈનો શુભસંકલ્પ છે.

'ગાંધીનગર સમાચાર' શ્રી મહેન્દ્રભાઈને અભિનંદન આપીને એમનો શુભસંકલ્પ પરિપૂર્ણ થાય એ માટે શુભેચ્છા પાઠવે છે.

નામ બદલેલ છે

મારું નામ શ્વેતાબહેન નિતીનકુમાર દવે હતું જે હવેથી બદલીને શ્વેતા નિતીનકુમાર દવે રાખેલ છે.

સરનામું
પ્લોટ નં. ૨૧૧/૧૦,
ભૂમિ એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૯,
ગાંધીનગર

શબ્દાવલી - ૫૧૮૧



આડી ચાવી

૧. પાટલી, આડણી (૪)
૪. ઘરના બારસાખે બાંધવામાં આવતા કાગળ પાન વગેરેના હાર (૩)
૬. લાજ-મર્યાદા (૫)
૮. પારિતોષિક, બક્ષિસ (૩)
૧૦. ઉપયોગનું અંગ્રેજી (૨)
૧૨. રામની કથાનું નાટક (૩)
૧૪. મોટાઈ, પ્રૌઢતા (૩)
૧૭. મહાણ, સ્મશાન (૩)
૧૮. ઈન્ડિયા (૩)
૨૦. ઈશ્વરીય સંદેશ (૩)
૨૧. દેવું (૩)
૨૨. મરચા વગેરે ખાંડીને ... બનાવાય (૩)
૨૩. વિચાર (૩)

ઊભી ચાવી

૧. સાવકું (૪)
૨. કપડા સીવવાનું કામ (૩)
૩. ગોઠવણ, વ્યવસ્થા (૩)
૪. સોના-ચાંદી માપવાનું માપ (૨)
૫. સંતો... તમો ગુણ (૨)
૭. ચોખાની દાણીના દાણા (૩)
૯. વિદેશ-પરદેશ (૪)
૧૧. રોશની, ઝળહળાટ (૫)
૧૩. મોટું યુદ્ધ (કૌરવ-પાંડવોનું) (૫)
૧૫. લજામણી, લાજવંતીનો છોડ (૪)
૧૬. એક માટલા જેવું વાદ્ય (૨)
૧૯. રજોટી (૨)
૨૦. પતંગની દોરીઓનો કટાવ (૨)
૨૧. અહીં આવનું અંગ્રેજી (૨)

શબ્દાવલી ૫૧૮૦ના જવાબ

આડી ચાવી :- (૧) મજહબ (૫) નાચિજ (૮) ફરીયાદ (૯) જરાક (૧૦) તનમનીયુ (૧૧) રત (૧૪) બસ (૧૬) રોપા (૧૭) રાફડો (૧૮) વડા (૧૯) ઘોરખોદીયુ (૨૨) ટસર (૨૩) ડલ

ઊભી ચાવી :- (૧) મફલર (૨) જરી (૩) હયાત (૪) બદનસીબ (૫) નાજનીન (૬) ચિરાયુ (૭) જક (૧૨) તરફડાટ (૧૩) ચોપાનીયુ (૧૫) સફર (૧૭) રાવ (૧૯) ઘોર (૨૦) ખોડ (૨૧) દીલ